

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*બોલો મિઠાસ, ખાટાં બોર પણ વેંચાઈ જાય,*
*પ્રેમની જપ્પીથી બધા દ્વેષ ભાવ ખેંચાઈ જાય.*
*સિંચાઈ જાય પ્રેમ-ઝરણું સૂકા રણમાં પણ -*
*સાચા ક્ષમાભાવે કોરી આંખ પણ ભિંજાઈ જાય...*

### હાઈકુ

*શિવ-કૃપાથી,*
*મળે છે રામભક્તિ -*
*બાંધો મંદિર...*

*હે માતૃ ભક્ત*
*લાવો નર્મદા નીર -*
*કાવડ ભરી...*

### ચિંતન

*અનિરુદ્ધપ્યસ્વરુપ યન્મનો વાચામગોચરમ્ ।*
*એકમેવાદ્વયં બ્રહ્મ નેહ નાનાડસ્તિ કિંચન ॥*

**ઉપરોક્ત શ્લોક 'બ્રહ્મસૂત્ર'માંથી લેવામાં આવેલ છે.**

**જેના સ્વરુપનું નિરુપણ થઈ શકતું નથી, જે મન અને વાણીનો વિષય નથી તે બ્રહ્મ એક જ અને અદ્વિતીય છે, એણાં કોઈ પ્રકારની અનેકતા નથી.**

**પરમાત્મા - પરમબ્રહ્મ - એક તત્વ છે હિંદુ ધર્મમાં એ સાકાર સ્વરુપે વિષ્ણુ છે. જુદા જુદા ધર્મોએ સાકાર સ્વરુપને જુદાં જુદાં નામ અને આકાર આપી પોતપોતાના ધર્મોની આચાર-સંહિતા-નિયમો-પંથ-પહેરવેશ - ચિન્હો નક્કી કર્યા છે. બાકી તત્વ સ્વરુપે અખંડ - અદ્વિતીય - એક જ બ્રહ્મ છે. બાકી સંસ્થાપકો એ પોતાનું સ્થાન-વર્ચસ્વ ટકાવવા બાંધેલી દિવાલો જ છે.**

### સુવિચાર

- સાહિત્ય, સંગીત અને કલાથી વિહીન વ્યક્તિ શીંગડા અને પૂંછડી વિનાના જેવો છે - **અખંડ આનંદ**
- 'ફેમસ' થવાના પ્રયાસ કરવાના બદલે 'ફેવરીટ' થવાના પ્રયાસ કરવા - **સંત રોબિન**
- સફળતા મેળવવા સંઘર્ષ કરવો પડે છે,
  કિસ્મટ તો અકસ્માત અને સટ્ટામાં કામ લાગે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- સાચી ભૂખ ચોઘડિયું જોઈને નથી આવતી - **સંજય છેલ**
- ભૂલો સુધારી રિહર્સલ કરીએ ત્યાં સ્ક્રિપ્ટ બદલાઈ જાય એનું નામ જિંદગી - **આદિલ મન્સુરી**
- ચુપ્પિયાં જિસ દિન 'ખબર' હો જાયેગી... કંઈ હસ્તિયાં દર-બ-દર હો જાયેગી... - **પરવીન શાકિર**
- આજનું ઔષધ : શિંગોડાને પાણીમાં પીસી લેપ કરવાથી પગનો દુ:ખાવો મટે છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

લોકમાન્ય તિલકને ગીતા ઉપર એક પુસ્તક લખવું હતું. આ વાત તેમણે નાનપણમાંજ એમના મિત્રને કરેલી.

એ પછી ઘણા વર્ષો વીતી ગયા. અને એક દિવસ એમનો એ બાળમિત્ર તિલકજીને મળ્યો અને પુછ્યું, 'આપે નાનપણમાં સંકલ્પ કરેલો તે યાદ છે ? ગીતા ઉપર પુસ્તક પૂરું થયું કે નહીં ?'

તિલકે કહ્યું, હા મેં ગ્રંથ લખી નાખ્યો છે.

મિત્ર : 'આપ તો જેલમાં ગયા હતા.'

તિળક : 'હા ભાઈ મારા, મેં જેલમાં જ રહીને એ ગ્રંથ લખ્યો હતો.'

મિત્રને ખૂબ આશ્ચર્ય થયું. તેણે કહ્યું, 'જેલમાં લખવાનું તો ખૂબ મુશ્કેલી વાળું કામ હશે કે ?'

તિલક : 'અરે !! હું તો ગ્રંથ લખવામાં એવો તલ્લીન થઈ જતો કે મને કોઈ જ તકલીફ પડી જ નથી. માત્ર મેં મારો સંકલ્પનો વિચાર કર્યો હતો કે ગમે તેટલી મુસીબતો પડે મારે ગ્રંથ લખવો જ છે. મારું ધ્યેય નિશ્ચિય હતું જેથી હું એ કાર્ય પૂર્ણ કરી શક્યો.'

તિલકના બાળમિત્રએ તિલકની વાત સાંભળી વંદન કર્યા.

# મોદી સરકારની સેકન્ડ ઈનિંગ્સ

**તંત્રીસ્થાનેથી...**

પ્રધાનમંત્રી પદે ગુજરાતના પનોતાપુત્ર નરેન્દ્રભાઈ મોદીનો બીજી વખત શપથવિધિ થતાં દરેક ગુજરાતીઓને મન આનંદ ઓચ્છવ હોય તે સ્વાભાવિક છે. ૨૦૧૪માં સવાઈ જીત મેળવી કેન્દ્રમાં શાસનધુરા સંભાળી રહેલ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને સમગ્ર મંત્રીમંડળને અંતરના ઉમળકાથી શુભકામનાઓ પાઠવીએ છીએ. દેશ મોટી આશાઓ અને અરમાનો સાથે અકલ્પનીય વિશ્વાસ મોદી સરકારમાં મૂક્યો છે. ૫ વર્ષનાં જે કાંઈ કામ થયું તેનાથી નિર્માણ થયેલો વિશ્વાસ પ્રચંડ સંશયમાં પ્રતિબિંબિત થાય છે. આગામી પાંચ વર્ષ દેશ માટે દુનિયા માટે મહત્ત્વનાં છે ત્યારે ફરીથી ગુજરાત દેશનું નેતૃત્વ કરે છે. એ સૌ ગુજરાતીઓ માટે ગૌરવ છે. ગાંધી - સરદારની જોડીએ દેશને આઝાદી અપાવી. અને હવે મોદી-શાહની જોડી દેશને આર્થિક આઝાદી અપાવે તેવી અપેક્ષા દેશવાસીના અંતરમાં ઝબકે છે.

સ્પષ્ટ વિચાર - શુદ્ધ આચાર અને મક્કમ નિર્ધાર સાથે કાર્યરત પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ નવી આભા વિશ્વ ફલક ઉપર પાથરી છે. દેશ-વિદેશમાં મોદીની લોકપ્રિયતાએ ભૂતકાળના તમામ વિક્રમો તોડીને નવી ઊંચાઈ હાંસલ કરી છે તે વાતનો કોઈ ઈન્કાર કરી શકે તેમ નથી. મોદીના જ શબ્દોમાં જ જો આલેખીએ તો 'ભૂલ કયારેય કરી નથી અને કરીશ નહીં'. મત ગણતરીના દિવસો પક્ષના મુખ્યાલય પરથી સંબોધનમાં સ્પષ્ટ રીતે દેશની પ્રજાને જણાવ્યું હતું કો કીનાય માટે પૂર્વગ્રહ કે દુરાગ્રહ રખાશે નહિ. અને દેશ હિતને જ પ્રાધાન્ય અપાશે. તેમના આ વિચારોથી તેમના વિરોધીઓ પણ પ્રભાવિત થયા હતા.

દેશ અસંખ્ય પડકારોનો સામનો કરી રહ્યો છે. શિક્ષણ, આરોગ્ય, રોજગારી, ભ્રષ્ટાચાર જેવી પાયાની સમસ્યાઓ વિકાસના પાયાને કોરી રહી છે નરેન્દ્ર મોદી સરકાર પાસે દેશને અપેક્ષા છે કે રોજગારી અને ગરીબી મામલે હિંમત ભર્યા નિર્ણયો લઈ નવો માહોલ ઊભો કરે. શિક્ષણ - આરોગ્ય અને ભ્રષ્ટાચાર જેવા મુદ્દા પર નક્કર આયોજન સાથે તાકીદના પગલા ભરવામાં મોદી સરકાર સફળતા મેળવે તેવી અભિલાષા સેવે છે. ચૂંટણીમાં ઊંભી થયેલી કોમી વૈમનસ્યતાના નિમુર્લન માટે સવેળા કોમી એખલાસની તાવના ઊભી કરવા માટે પણ ઠોસ પગલાં ભરવા પડશે,. કોમ-કોમ વચ્ચે, જ્ઞાતિ-સમાજો વચ્ચે, જે વેરઝેરના ભાવ પ્રગટ્યા છે અને પ્રસર્યા છે તેને દફનાવી શકાશે તો જ વિકાસના ફલ છેવાડાના આદમી સુધી પહોંચાડી શકાશે. નરેન્દ્ર મોદી વિચક્ષણ પુરુષ છે. રાજકીય ક્ષેત્રના મહારથી છે. કયા સમયે કેવા પગલાં ભરવાં તેની વ્યુહરચનામાં માહિર છે. આમ છતાં રાજકીય વેરઝેર ગ્રામીણ કક્ષા સુધી ન રહે તેવું વાતાવરણ પણ નિર્માણ કરવું પડશે. રામ મંદિર, કલમ ૩૫(એ) જેવી સંવેદનશીલ સમસ્યાઓ પણ કુનેહપૂર્વક ઉકેલવાનું કૌશલ્ય બીજી ઈનિંગ્સમાં મોદી સરકાર પાસે દેશ મીટ માંડીને બેઠો છે. મોદી સરકારની સેકન્ડ ઈનિંગ્સ જોરદાર અને શાનદાર રહે તેવી ગુજરાતની શુભેચ્છા છે અને શ્રદ્ધા પણ છે.

# ॥ બુદ્ધં શરણં ગચ્છામિ ॥

### અમર વારસો

ડૉ. રશ્મિકાન્ત મહેતા



કપિલવસ્તુ નગરમાં શાક્યવંશના રાજા શુદ્ધોદન હતો. એની પત્ની મહામાયા હતી. નગર પાસના લુંબિની ઉપવનમાં એણે પુત્રને જન્મ આપ્યો. દેવોએ શ્વેત છત્રધરી રાખ્યું અને કુમારને 'જ્ઞાન પ્રાપ્તિ થાય' એવા આશીર્વાદ આપ્યા. અસિત નામના મુનિ એના દર્શને આવ્યા અને આગાહી કરી. 'કુમાર દુ:ખમાં સબડતી દુનિયાનો પોતાના જ્ઞાનથી ઉદ્ધાર કરશે.' શુદ્ધોદનને ચિંતા પેઠી - 'કુમાર વૈરાગ્ય લઈ લેશે તો ?'

કુમારના જન્મ સાથે જ રાજા અને રાજય - બંનેના સંપત્તિ અને સુખશાંતિ વધવા લાગ્યા. બધા અર્થ સિદ્ધ થવા લાગ્યા - કુમારનું નામ 'સર્વાર્થસિદ્ધ.' કુમારની માતા સ્વર્ગે સિધાવી એટલે એની બહેના કુમારની સારસંભાળ લેવા માંડી. રાજા કુમારનો સુખસાગવડમાં ઉછેરતા. યશોધરા નામની સુશીલ કન્યા સાથે એના લગ્ન કર્યા. એનાથી રાહુલ નામે પુત્ર થયો.

કુમારને એકવાર વનવિહારની ઈચ્છા થઈ. રાજાએ વ્યવસ્થા ગોઠવી. 'એને કોઈ આપત્તિજનક દશ્ય ન દેખાય'કુમાર રાજમાર્ગ ઉપર આવ્યો. દેવોએ એક વૃદ્ધ પુરુષનું દશ્ય ઊભું કર્યું. કુમારે સારથિને પ્રશ્ન કર્યો. દેવોએ એના ચિત્તને ઘેરી લીધું. એણે સાચો જવાબ આપી દીધો. 'આ વૃદ્ધ પુરુષ છે. આ અવસ્થા સૌ કોઈને આવે છે.' બીજી વારની નગરયાત્રા વખતે એક વ્યાધિગ્રસ્ત પુરુષ દેખાયો. સારથિએ કહી દીધું - 'આને વ્યાધિ થયો છે. એ તો કોઈને પણ થાય.' ત્રીજીવારની નગર યાત્રા વખતે દેવોએ જે દશ્ય નિર્માણ કર્યું, તેમાં મૃતદેહને કેટલાંક લોકો બાંધીને લઈ જતા હતા. કુમારને જિજ્ઞાસા થઈ. દેવોથી પ્રેરાયેલા સારથિએ કહ્યું - 'બધા મનુષ્યનો છેવટે આ જ અંત છે' કુમારને વૃદ્ધાવસ્થા, રોગ અને મૃત્યુનો પરિચય થઈ ગયો.


પરંતુ આ વખતે, સારથિને રાજાની આજ્ઞા હતી; તે મુજબ સારથિ કુમારને ઉદ્યાનમાં લઈ આવ્યો. અહીં વ્યવસ્થા ગોઠવી રાખી હતી. અહીં મનમોહક સુંદર યુવતીઓ હતી. તેઓ કુમારને દૈહિક સુખ માટે લોભાવવા લાગી. એમની સાથે પુરોહિતનો પુત્ર ઉદાયી હતો. કુમારે ઉદાયીને કહ્યું, 'આ લોકોનું આ સૌંદર્ય ક્ષણિક છે, શાશ્વત નથી.' કુમાર ઉપર કોઈ અસર ન થઈ.

ફરી એક વાર કુમાર વનભૂમિ જોવા નીકળ્યો. અહીં ખેડાતી જમીન જોઈ. ખેડૂતો અને બળદોની ખરાબ હાલત જોઈ. એને વિચાર આવ્યો - 'આ બધું કેટલું દુ:ખદાયી છે, અરેરે ?'એ જાંબુ વૃક્ષની નીચે બેઠો, ચિંતનમાં મગ્ન થઈ ગયાં. ત્યાં એણે એક સાધુને જોયો. આનાથી એને સન્યાસ લેવાની પ્રેરણા પ્રગટી.

એના પિતાને જણાવ્યું - 'મને મરણ, વ્યાધિ, વૃદ્ધાવસ્થા ન સ્પર્શે એવી ખાતરી આપી શકશો ?' આવી ખાતરી તો શું આપે ? હવે બધું દૈવી પ્રેરણાથી ચાલ્યું. અશ્વપાલ છંદકે કન્થક નામે અશ્વ કાઢી આપ્યો. અશ્વના ડાબલા ન સંભળાયા. નગરના દરવાજા ખૂલી ગયાં. કોઈક અને ભગવા વસ્ત્ર આપી ગયું.

રાજાના મંત્રી અને પુરોહિત અરાડ મુનિના આશ્રમમાં કુમારને મળ્યા અને પાછા ફરવા સમજાવ્યું. પણ કુમાર ન માન્યો એને ખાતરી થઈ કે કેવળ દેહદમનથઈ ધ્યેય સિદ્ધિ નહિ થાય. દૈવી પ્રેરણાથી નંદબાલા ગોપકન્યા ખીર આપી ગઈ. એ લેવાથી કુમારનો બોધિજ્ઞાન માટેનું સામર્થ્ય પ્રાપ્ત થયું. એ પીપળાના વૃક્ષ નીચે બેઠો. સર્પોના રાજા કાલે આવીને કહ્યું, 'આજે તમે બુદધ થશો !' કુમાર ધ્યાનસ્થ થયો. માર - કામદેવ - ના બધા પ્રયત્નો નિષ્ફળ ગયા. કુમારનો હવે વૃદ્ધત્વની પ્રાપ્તિ થઈ. આકાશમાંથી સુગંધી પુષ્પોની વૃદ્ધિ થઈ.

વૈશાખ સુદ પૂનમ બુદ્ધપૂર્ણિમાનો દિવસ છે. પરમ કારણિક ભગવાન બુદ્ધને પ્રણામાંજલિ.



# આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક સમિતિનું મુખ્યાલય કયાં આવેલ છે?

### ખજાનો

અનિલ પટેલ



## આંતરરાષ્ટ્રીય સંગઠનો

૧ વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO) ની સ્થાપના કયારે થઈ ?
(અ) ૧૯૧૯ (બ) ૧૯૪૫
(ક) ૧૯૪૮ (ડ) ૧૯૫૦

૨ વિશ્વ આરોગ્ય સંસ્થાનું મુખ્યાલય કયાં આવેલું છે ?
(અ) જીનિવા (બ) વૉશિંગ્ટન
(ક) પૅરિસ (ડ) મોન્ટ્રિયલ

૩ ૧૯૪૬માં સ્થપાયેલ યુનિસેફનું મુખ્યાલય કયાં આવેલું છે ?
(અ) લંડન (બ) પૅરિસ
(ક) જીનિવા (ડ) ન્યૂયોર્ક

૪ આંતરરાષ્ટ્રીય પરમાણુ ઊર્જા એજન્સીનું મુખ્યાલય કયાં આવેલું છે ?
(અ) વિયેના (ઓસ્ટ્રિયા) (બ) પૅરિસ (ફ્રાન્સ)
(ક) લંડન (ઈંગ્લેન્ડ) (ડ) રૉમ (ઈટાલી)

૫ સર્વદેશીય તપાસ સંઘ (UPU) ની સ્થાપના કયારે થઈ હતી ?
(અ) ઈ.સ. ૧૯૪૦ (બ) ઈ.સ. ૧૯૫૧
(ક) ઈ.સ. ૧૯૪૮ (ડ) ઈ.સ. ૧૯૫૫

૬ આર્થિક સહયોગ અને વિકાસ સંગઠનનું મુખ્યાલય કયાં છે ?
(અ) જાકાર્તા (બ) પૅરિસ
(ક) વિયેના (ડ) વૉશિંગ્ટન

૭ ૧૯૪૫માં સ્થપાયેલ આરબ લીગનું મુખ્યાલય કયાં છે ?
(અ) અબુ ધાબી (બ) કાહિરા
(ક) દુબઈ (ડ) કાબુલ

૮ આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક સમિતિનું મુખ્યાલય કયાં આવેલ છે ?
(અ) કાહિરા (ઈજિપ્ત) (બ) લિયોન્સ, (ફ્રાન્સ)
(ક) મિન્સક (બેલારૂસ) (ડ) લુસાને (સ્વિત્ઝર્લેન્ડ)

૯ એડિસ અબાબામાં કઈ સંસ્થાનું મુખ્યાલય આવેલ છે ?
(અ) એમેનેસ્ટી ઈન્ટરનેશનલ (બ) આફ્રિકન સંઘ
(ક) સંયુક્ત રાષ્ટ્રસંઘ (ડ) આંતરાષ્ટ્રીય સંઘ

૧૦ સંયુક્ત રાષ્ટ્રસંઘની સલામતી સમિતિમાં વીટોની સત્તા આપવામાં આવેલ છે તેવા અમેરિકા, ઈંગ્લેન્ડ, ફ્રાંસ, રશિયા અને પાંચમા કયા દેશનો સમાવેશ થાય છે ?
(અ) ચીન (બ) ભારત
(ક) જર્મની (ડ) પંદર

૧૧ આંતરરાષ્ટ્રીય અદાલતમાં કુલ કેટલા ન્યાયાધીશો હોય છે ?
(અ) નવ (બ) અગિયાર
(ક) તેર (ડ) પંદર

૧૨ ૨૪ સપ્ટેમ્બર ૧૯૩૦માં કઈ સંસ્થાની સ્થાપના થઈ ?
(અ) આંતરરાષ્ટ્રીય નાણા કોર્પોરેશન (બ) બિમસ્ટેક
(ક) વિશ્વ વ્યાપાર સંગઠન (ડ) આંતરરાષ્ટ્રીય વિકાસ સંઘ

૧૩ આંતરરાષ્ટ્રીય નાણાં કોર્પોરેશનનું મુખ્યાલય કયાં આવેલું છે ?
(અ) વૉશિંગ્ટન (બ) ટૉકિયો
(ક) હેગ (ડ) પૅરિસ

૧૪ યુરોપીય સંઘમાં કેટલા દેશો છે ?
(અ) ૧૧ (બ) ૧૮
(ક) ૨૧ (ડ) ૨૮

૧૫ બેનેલેક્સ નીચેનામાંથી કયા દેશનો સમાવેશ થતો નથી ?
(અ) ફ્રાન્સ (બ) બેલ્જિયમ
(ક) નેધરલેન્ડ (ડ) લક્સમ્બર્ગ

## વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા દિવસોની મહત્ત્વની ઘટનાઓ**

**૩૧ મે : વિશ્વ તમાકુ વિરોધી દિવસ**
હિન્દી ફિલ્મોના સંગીતકાર અનિલ બિશ્વાસનું નિધન (૨૦૦૩)
ગુજરાતી ગઝલના પિતામહ હરજી લવજી દામાણી 'શયદા' નું નિધન (૧૯૬૨)
ભગવતીકુમાર હ. શર્માની જન્મજયંતિ (૧૯૩૪)
ક્રિકેટ એમ્પાયર સ્ટીવ બકનરનો જન્મદિવસ (૧૯૪૬)

**૧લી જુન :**
સાહિત્યકાર સરોજ પાઠકની જન્મજયંતિ (૧૯૨૯)
- થોમસ આલ્વા એડિશનને વોટિંગ મશીનની પેટન્ટ મેળવી (૧૮૬૯)
- ઈસ્ટ ઈન્ડિયા કંપની ભંગ કરવામાં આવી (૧૮૭૪)
- એચ.ડી. દેવગૌડા દેશના અગિયારમા વડાપ્રધાન બન્યા (૧૯૯૬)

● **૨જી જુન :**
- અંગ્રેજી સાહિત્યના ખ્યાતનામ નવલકથાકાર થોમસ હાર્ડીનો જન્મદિવસ (૧૮૪૦)
- માર્કોનીએ રેડિયોની પેટન્ટ મેળવી (૧૮૯૬)
- લોર્ડ માઉન્ટ બેટને ભારતના ભાગલાની જાહેરાત કરી (૧૯૪૭)
- ઓપરેશન બ્લ્યુ સ્ટારનો પ્રારંભ (૧૯૮૪)

● **૩જી જુન :**
- તમિલનાડુના પૂર્વ મુખ્યમંત્રી એમ. કરૂણાનિધિનો જન્મદિવસ (૧૯૨૪)
- ભારતના ઈતિહાસવિદ સરકાર કે. એમ. પાનીકરની જન્મજયંતિ (૧૯૬૭)
- જી. શંકરસ્વરુપની જન્મજયંતિ (૧૯૦૧)
- લિપિશાસ્ત્રના ધુરંધર વિદ્વાન મુનિશ્રી જીનવિજયજીની પુણ્યતિથિ (૧૯૭૬)

● **૪થી જુન :**
- ગુજરાતી સાહિત્ય પરિષદના સ્થાપક અને સંવર્ધક રણજિતરામ મહેતાનું નિધન (૧૯૧૭)
- મખમલી અવાજના માલિક એસ.પી. બાલાસુબ્રહ્મણમ્નો જન્મદિવસ (૧૯૪૬)
- રોયલ પેલેસમાં થયેલ સામૂહિક હત્યાકાંડ બાદ જ્ઞાનેન્દ્ર નેપાળના રાજા બન્યા (૨૦૦૧)
- અભિનેત્રી પુનમનો જન્મદિવસ (૧૯૩૬)

● **૫ જુન : વિશ્વ પર્યાવરણ દિવસ**
- ધી ટાઈમ્સના પત્રકાર રોય ટોમસનનો જન્મદિવસ (૧૮૯૪)
- ઓપરેશન બ્લ્યુ સ્ટાર અંતર્ગત સેનાએ સુવર્ણ મંદિરમાં પ્રવેશ કર્યો (૧૯૮૪)
- મિખાઈલ ગાર્બાચોવને નોબેલ પારિતોષિક શાંતિ માટે મળ્યું (૧૯૯૧)
- એડમ સ્મિથ (બ્રિટન) ની જન્મજયંતિ (૧૭૨૩)

● **૬ જુન :**
- ગીતકાર તથા પટકથાકાર રાજેન્દ્ર કૃષ્ણનો જન્મદિવસ (૧૯૧૯)
- નોબેલ પારિતોષિક વિજેતા જર્મન નવલકથાકાર ટોમસમાનનો જન્મદિવસ (૧૮૭૫)
- બ્રિટનના રોબર્ટ સ્કોટની જન્મજયંતિ (૧૯૧૯)
- કચ્છમાં ૧૦ હજારથી વધુ ભોગ લેનાર વાવાઝોડું ત્રાટક્યું (૧૯૯૮)

### ગત સપ્તાહના સવાલનો જવાબ

**ભારતના વર્તમાન મુખ્ય ચૂંટણી કમિશનરનું નામ શું છે ?**
**જવાબ : સુનિલ અરોરા**

### સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) ઋજિત રાવલ : ૧૨૨૨/૨, સે-૭ડી (૨) મૂળજીભાઈ પરમાર : સે-૭ (૩) જયેન્દ્ર પ્રસાદ પાઠક : સે-૬બી (૪) નટુભાઈ દરજી : પેથાપુર (૫) હાર્દિક એન. ભટ્ટ : સે-૨૪ (૬) આકાશ જી. પટેલ : સે-૨૩ (૭) પંકજ આર પ્રજાપતિ : ઉવારસદ

### આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

**કયા વૈજ્ઞાનિક હાલમાં 'ઈસરો'ના વડા છે ?**

**'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ**

**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

# ખબર લેવી

### હળવું કરીએ હૈયું

અનંત પટેલ

આપણે ઘણીવાર વાતચીત દરમિયાન લોકોને પોતાના સગાસંબંધીઓ કે મિત્રોની બિમારી સંદર્ભમાં ખબર કાઢવા જવાની વાત કરતા સાંભળીએ છીએ. અહીં જે શબ્દ પ્રયોગ થાય છે તે કેટલીક વાર રસપ્રદ લાગે છે.

"ચાલને આજે તો રમણભાઈની ખબર કાઢી આવું જ"

"જો ઝાઝી માથાકૂટ કરીશ નહીં, નહિતર તારી ખબર લઈ નાખીશ..."

"લાવોને જરા ફોન આપોને, રૂબરૂ તો જવાતું નથી પણ ફોન પર તો પેલા મોહનભાઈની ખબર પૂછી લઉં..."

આમ આપણે ખબર લેવી, ખબર કાઢવી, ખબર પૂછવી અને વધારામાં એક ચોથો શબ્દપ્રયોગ ખબર રાખવી પણ ઉપયોગમાં લેવાતો જોઈએ છીએ. અહીં ખબર શબ્દ કોમન છે પણ તેની પાછળ જે પૂંછડીયો શબ્દ ઉમેરાય છે તે એનો મૂળ અર્થ બદલી નાખે છતાં બધા લોકો તેને એક જ અર્થમાં વાપરતાં હોય તેવું લાગે છે. કોઈના કોઈ કાર્ય બદલ ગુસ્સો ચઢ્યો હોય ત્યારે વડીલો સાલાની ખબર લઈ નાખું એમ બોલતા હોય છે. કોઈ માણસ બિમાર થયા હોય ત્યારે એમને મળીને જે પૂછપરછ કરીએ તેને ખબર કાઢવા જવું એમ કહેવાય. રૂબરૂ જવાને બદલે ફોન ઉપર કે કોઈના મારફતે આવી વિગતો મેળવીએ તો એને ખબર પૂછવી કે પૂછાવવી એમ કહેવાય. જયારે ખબર રાખવી એનો કંઈક મોટો અથવા વિશિષ્ટ અર્થ એવો પણ નીકળે કે કોઈની ભરપૂર કાળજી લેવી. ખબર રાખવાની બાબતમાં તેનું પ્રમાણ જે તેના વ્યક્તિગત સંબંધો પર નિર્ભર કરે છે. માત્ર ખબર શબ્દ અર્થ કરીએ તો ખબર એટલે વિગતો અથવા તો માહિતી એમ સામાન્ય પણે કહી શકાય. પોલીસ ખાતામાં ગુનેગારો કે ગુનાની માહિતી આપતા માણસોને એટલે તો ખબરી કહેવાય છે.

ગામડાંમાં આખા ગામની ખબર રાખનારા અને ખરી કે ખોટી ખબર ઝડપથી ફેલાવનારા અમુક ચોક્કસ માણસો હોય છે જ. આવી રીતે ફેલાતી ખબારોમાં ક્યારેક મૂળ વાત ને બદલે કંઈ જ જુદી જ વાત છેલ્લે બહાર આવતી હોય છે. જો કે ખબર ફેલાવા વિશે ફરી કયારેક વિગતે વાત કરશું પણ આજે તો ખબર લેવી એ વિષય કેન્દ્ર સ્થાને છે.

**અહીં ખબર શબ્દ કોમન છે પણ તેની પાછળ જે પૂંછડીયો શબ્દ ઉમેરાય છે તે એનો મૂળ અર્થ બદલી નાખે છતાં બધા લોકો તેને એક જ અર્થમાં વાપરતાં હોય તેવું લાગે છે**

ઘણીવાર એવું ય બને છે કે કયારેક ખબર લેવા નીકળેલાની સામેની વ્યક્તિ જ ખબર લઈ નાખતી હોય છે. કેટલીક વાર કોઈ બિમાર માણસની ખબર જોવામાં એટલું બધું મોડું પણ થઈ જતું હોય છે કે તમે ખબર કાઢવા ગયા હોવ ત્યારે તો એ એમના નોકરી ધંધે પણ જતા રહ્યા હોય... આવે સમયે ખબર પૂછવા જનારનું મોઢું ખરેખર જોયા જેવું થતું હોય છે. અહીં પણ ભોંઠા પડવાને બદલે કેટલાક હોંશિયાર માણસો એવું કહે છે કે ભલે એમને સારું છે એ તો ઘણી સારી વાત થઈ પણ જૂઓને મારે કેટલા દિવસથી તમારા ઘેર આવવું હતું પણ નીકળાતું જ ન હતું તે આ બહાને ચાલો તમારા ઘેર તો આવી જવાયું ને ! ...મહેમાનના આવા શબ્દો સાંભળીને યજમાન ગૃહિણી બિચારી કંઈ જ બોલી શકતી નથી કેમ કે મહેમાન એટલે મહેમાન... એનું અપમાન તો કેમ કરાય ? ખબર રાખવાની બાબતમાં મોટી ઉંમરના માણસોની વાત કરું તો એ એટલા બધા સક્રિય અને સભાન થઈ ગયા હોય છે કે એ જેની ખબર (કાળજી) રાખતા હોય છે એને માટે બોજારૂપ બની ગયા હોય છે. પેલા કે પેલીને જેની જરૂર ન હોય એવું કશું ક ઈદમ તૃત્તિયમ શોધી કાઢે અને એને હેરાન હેરાન કરી મૂકતા હોય છે. ઊંઘવાના સમયે જાગ્યા કરે અને ખરેખર જાગવાની જરૂર હોય ત્યારે નસકોરાં બોલાવતા હોય...!! આમ ખબર રાખનાર ઘણી વાર અત્યાચારી બની જતા હોય છે.

સુજ્ઞ વાચકો ખબર લેવા, કાઢવા પૂછવા અને રાખવા બાબતે મેં આપેલી જાણકારીથી પ્રસન્નતા જરૂર અનુભવશો જ એવો મને વિશ્વાસ છે અને તે છતાં જો કોઈને આવી અનુભૂતિ ન થતી હોય તો મને જણાવશો કેમ કે મારે એમની ખબર લેવા... સોરી પૂછવા જવું જ પડશે.